આસારામ હેબિચ્યુઅલ ઓફેન્ડર છે, તેને કોઈ જ રાહત આપી શકાય નહીં: હાઈકોર્ટ

# અમદાવાદમાં આવેલો આસારામનો આશ્રમ તોડી પડાશે, હાઈકોર્ટે અપીલ ફગાવી

**આશ્રમે** વારંવાર નિયમોનો ભંગ કર્યો છે, સરકારી શરતોનું ઉલ્લંઘન કર્યું છે

**હાઈકોર્ટે** ચાર અઠવાડિયાનો ઉપલી કોર્ટમાં અપીલ માટેના 'સ્ટે'ની માંગણી પણ ફગાવી દીધી

**આસારામ** આશ્રમ ખાલી કરે પછી જ 'સ્ટે' અંગે વિચારણા કરાશે: હાઈકોર્ટ

અમદાવાદ: અમદાવાદના મોઢેરા વિસ્તારમાં આવેલા આસારામ આશ્રમને લઈને ચાલી રહેલા જમીન કેસમાં ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે આશ્રમ દ્વારા કરવામાં આવેલી અપીલ ફગાવી દેતાં હવે આશ્રમના બાંધકામ તોડી પાડવાની કાર્યવાહીનો માર્ગ લગભગ મોકળો બન્યો છે. આ પહેલા હાઈકોર્ટએ દ્વારા કલેક્ટરના આદેશને યથાવત રાખવામાં આવ્યો હતો, જેમાં આશ્રમે સરકાર દ્વારા આપવામાં આવેલી જમીન સંબંધિત શરતોનો ભંગ કર્યો હોવાનો ઉલ્લેખ હતો. આ નિર્ણય સામે આસારામ આશ્રમે હાઈકોર્ટ સમક્ષ અપીલ કરી હતી, જેમાં હાઈકોર્ટેની ડિવીઝન બેંચે સિંગલ જજનો આદેશ યથાવત રાખ્યો છે.

ગુજરાત હાઈકોર્ટે પોતાના અવલોકનમાં નોંધ્યું છે કે આસારામ હેબિચ્યુઅલ ઓફેન્ડર છે, તેથી તેમને કોઈ પણ પ્રકારની વિશેષ રાહત આપી શકાય નહીં. આશ્રમે વારંવાર નિયમોનો ભંગ કર્યો છે અને સરકારી શરતોનું ઉલ્લંઘન કર્યું છે. સાથે જ સાબરમતી નદીના કિનારે આવેલી નદીની જમીન પર પણ ગેરકાયદેસર કબજો કર્યો હોવાનું સામે આવ્યું છે. નદીની જમીનનું કોઈપણ રીતે રેગ્યુલરાઈઝેશન થઈ શકે નહીં. સુનાવણી દરમિયાન આશ્રમ તરફથી 4 અઠવાડિયાનો સ્ટે માગવામાં આવ્યો હતો જેથી તેઓ ઉપરની અદાલતમાં અપીલ કરી શકે, પરંતુ હાઈકોર્ટે કડક વલણ અપનાવતા જણાવ્યું કે પહેલા જમીન ખાલી કરવામાં આવે પછી જ સ્ટે અંગે વિચારણા થઈ શકે. સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે લેન્ડ રેવન્યુ કોડની કલમ 202 હેઠળ આશ્રમને નવી નોટિસ આપવામાં આવશે અને ત્યારબાદ જમીનનો કબજો સરકાર સંભાળશે.

# ગાંધીનગરના આકાશમાં સૂર્યની આજુબાજુ અદભૂત 'સૂર્ય વલય' દેખાયું

**પ્રાચીન** ગ્રંથોમાં ઉલ્લેખ છે કે ઉનાળામાં સૂર્યના ફરતે વલય સર્જાય, તો તે રાજા અને પ્રજા બંને માટે કષ્ટદાયક બને છે

ગાંધીનગર: આજે મધ્યાહ્નના સમયે ગાંધીનગરના આકાશમાં એક વિરલ અને મનમોહક દ્રશ્ય જોવા મળ્યું હતું. સૂર્યની આસપાસ એક વિશાળ અને સ્પષ્ટ ગોળાકાર વલય (SunHalo) સર્જાતા શહેરીજનોમાં ભારે આશ્ચર્ય અને કુતૂહલ જોવા મળ્યું હતું. વિજ્ઞાનની દ્રષ્ટિએ આ એક વાતાવરણીય ઘટના હોઈ શકે છે, પરંતુ પ્રાચીન ગ્રંથો અને જ્યોતિષશાસ્ત્રના આધારે આ ઘટનાને લઈને લોકમુખે અનેક ચર્ચાઓ શરૂ થઈ છે. સૂર્ય ફરતે આ પરિવેષ લગભગ પાંચ કલાક કરતાં વધુ સમય માટે ગાંધીનગરના આકાશમાં જોવા મળ્યુ હતું.

ગાંધીનગરના આકાશમાં આજે સવારથી બપોરના સવા બાર સુધી સૂર્યની આસપાસ એક અદભૂત અને મનોહર પરિવેશ (વર્તુળ) જોવા મળ્યુ હતું, જેણે સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું હતું. સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં સૂર્ય કે ચંદ્રની આસપાસ આવા કુંડાળા દેખાતા હોય છે, પરંતુ કાળઝાળ ગરમી કે શીત ઋતુમાં આવું દશ્ય સર્જાવવું અત્યંત વિરલ અને આશ્ચર્યજનક ખગોળીય ઘટના માનવામાં આવે છે. આ ગોલ્ડન અથવા સોનેરી રંગનો પરિવેશ આશરે પાંચ કલાક સુધી આકાશમાં અકબંધ રહ્યો હતો, જે જોતા જાણે સૂર્યએ સોનાનું કંકણ ધારણ કર્યું હોય તેવું મનોહર દશ્ય સર્જાયું હતું. ઉનાળાના મધ્યમાં જોવા મળેલા આ અસામાન્ય અવકાશી નજારાને કારણે લોકોમાં કુતૂહલ જાગ્યું હતું અને સોશિયલ મીડિયા પર અનેક પ્રકારના તર્ક-વિતર્ક પણ શરૂ થયા હતા.

### RTE પ્રવેશ માટે ઓનલાઇન અરજી કરવાની સમયમર્યાદા વધારાઇ

ગાંધીનગર: આર.ટી.ઈ. અધિનિયમ-2009 હેઠળ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-1માં મફત પ્રવેશ માટે ઓનલાઈન અરજી પ્રક્રિયાની મુદત લંબાવામાં આવી છે. હવે આ અરજી 23મી એપિલ સુધી કરી શકાશે. શૈક્ષણિક વર્ષ 2026-27 માટે આર.ટી.ઈ. હેઠળની ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 17 એપ્રિલ 2026ના રોજ રાત્રે 12-00 વાગ્યા સુધી નક્કી કરવામાં આવી હતી. જોકે, હવે વિદ્યાર્થીઓ અને વાલીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને આ સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. હવે અરજદારો 23 એપ્રિલ 2026, ગુરુવાર સુધી વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકશે.

# બિહારના સીએમને મારી નાંખવાની ધમકી આપનાર સાણંદથી ઝડપાયો

**ધમકી** આપ્યા બાદ આરોપીનું લોકેશન સાણંદમાં દેખાતા બિહાર અને ગુજરાત પોલીસે સંયુક્ત ઓપરેશન કર્યું

અમદાવાદ: ગુજરાતના સાણંદમાંથી બિહારના નવનિયુક્ત મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને જાનથી મારી નાખવાની ધમકી આપનાર એક શખ્સને પોલીસે ઝડપી પાડ્યો છે. સાણંદ પોલીસે ટેકનિકલ સોર્સિસ અને અમદાવાદ ગ્રામ્ય પોલીસના સંકલનથી આ ઓપરેશન પાર પાડ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, આરોપી શેખર યાદવે બિહારના મુખ્યમંત્રીના પીએને મોબાઈલ ફોન દ્વારા કોલ કરીને મુખ્યમંત્રીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ગંભીર મામલે બિહારના મુંગેર જિલ્લામાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ધમકી આપ્યા બાદ આરોપીનું લોકેશન ગુજરાતમાં ટ્રેસ થતા બિહાર પોલીસ અને અમદાવાદ ગ્રામ્ય પોલીસ હરકતમાં આવી હતી. અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક ઓમપ્રકાશ જાટના માર્ગદર્શન હેઠળ સાણંદ પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપી શેખર યાદવને સાણંદ-કડી રોડ પરથી દબોચી લેવામાં આવ્યો હતો. આરોપી મૂળ બિહારના બાંકા જિલ્લાનો રહેવાસી છે અને હાલ સાણંદના નિધરાડ ગામમાં આવેલી એક ડ્રાયપોર્ટ કંપનીમાં મજૂરી કામ કરતો હતો. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ પોતાનો ગુનો કબૂલી લીધો છે. હાલ તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સાણંદ પોલીસે કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી આરોપીનો કબજો બિહાર પોલીસને સોંપ્યો છે.

# કેન્દ્ર સરકાર સીમાંકન અને મહિલા અનામત બિલને એકબીજામાં ગૂંચવી રહી છે

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

સરકારે સાંસદોને મોકલેલા ત્રણ ડ્રાફ્ટ બિલમાં બે મોટા ઐતિહાસિક ફેરફારોનો પ્રસ્તાવ છે: પ્રથમ, લોકસભાની બેઠકોની સંખ્યા ૫૪૩ થી વધારીને મહત્તમ ૮૫૦ કરવી અને બીજું, સંસદના નીચલા ગૃહ, એટલે કે લોકસભામાં અને રાજ્યોની વિધાનસભાઓમાં એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવી. આ બિલો ૧૬ થી ૧૮ એપ્રિલ દરમિયાન બોલાવાયેલા સંસદના ખાસ સત્રમાં રજૂ કરવામાં આવ્યાં છે. હકીકતમાં મહિલા અનામત બિલ ૨૦૨૩માં સંસદમાં પસાર કરી દેવામાં આવ્યું હતું પણ તેનો અમલ ૨૦૨૪ની ચૂંટણીથી કરવાને બદલે ૨૦૨૯થી કરવા પાછળ સરકારની ચાલાકી હતી. તેમાં શરત એવી હતી કે મહિલા અનામત બિલનો અમલ કરતાં પહેલાં લોકસભા અને વિધાનસભાઓની બેઠકો વધારવા સીમાંકન કરવું. આ સીમાંકન સામે વિપક્ષોનો વિરોધ છે. સરકારની યોજના મુજબ જ્યાં સુધી સીમાંકન ન થાય ત્યાં સુધી મહિલા અનામત બિલનો અમલ કરી શકાય તેમ નથી. માટે જે વિપક્ષો સીમાંકનનો વિરોધ કરી રહ્યા છે તેમને મહિલા અનામતના વિરોધી ઠરાવીને સરકાર પોઈન્ટ સ્કોર કરવા માગે છે. વિધાનસભાની ચૂંટણીના ટાંકણે આ બિલો લાવીને સરકાર ચૂંટણીમાં પણ તેનો લાભ ઉઠાવવા માગે છે.

આ વિવાદ ૨૦૨૩ માં પસાર થયેલા નારીશક્તિ-વંદન કાયદા પર આધારિત છે, જેમાં મહિલાઓ માટે 33 ટકા અનામતની જોગવાઈ હતી, પરંતુ તેના અમલીકરણને ભવિષ્યની વસતીગણતરી અને સીમાંકન પ્રક્રિયા સાથે જોડવામાં આવ્યું હતું. આ કારણોસર ૨૦૨૩નો કાયદો સંસદમાં લગભગ સર્વાનુમતે પસાર થયો હોવા છતાં ઘણાં લોકોએ ચિંતા વ્યક્ત કરી હતી કે 33 ટકા મહિલા અનામત લાગુ થવામાં એક દાયકાથી વધુ સમય લાગી શકે છે. જો આ ત્રણ બિલ પસાર થઈ જાય તો ૨૦૨૯ ની સામાન્ય ચૂંટણીઓમાં આ અનામતનો માર્ગ મોકળો થઈ શકે છે. વિરોધ પક્ષોએ તેને પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં વિધાનસભા ચૂંટણીના થોડા દિવસો પહેલાં મહિલા મતદારોને આકર્ષવાનો પ્રયાસ ગણાવ્યો અને તેને તુષ્ટિકરણની રાજનીતિ ગણાવી હતી.

લોકસભાની બેઠકોની સંખ્યા વધારીને ૮૫૦ કરવાના પ્રસ્તાવ અંગે સૌથી વધુ ટીકા થઈ રહી છે. ઘણા વિપક્ષી નેતાઓએ ચિંતા વ્યક્ત કરી હતી કે બેઠકોની પુનઃ ફાળવણી માટેનો આધાર વસતીગણતરી હોવાથી લોકસભામાં દક્ષિણનાં રાજ્યોનું પ્રતિનિધિત્વ ઘટાડી શકે છે, કારણ કે દક્ષિણ ભારતની વસતીમાં ઘટાડો થયો છે, જ્યારે યુપી-બિહાર જેવાં રાજ્યોની વસતીમાં વૃદ્ધિ થઈ છે. બંધારણ (૧૩૧મો સુધારો) બિલ, ૨૦૨૬, લોકસભામાં મહત્તમ ૮૫૦ બેઠકોનો પ્રસ્તાવ મૂકે છે. તે પૈકી રાજ્યોમાંથી ૮૧૫ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૩૫ બેઠકો આવશે.




હાલમાં લોકસભામાં ૫૪૩ બેઠકો છે અને બંધારણ મહત્તમ ૫૫૦ બેઠકોની જ છૂટ આપે છે. આ બિલમાં ૧૯૭૧ની વસતી ગણતરીના આધારે લોકસભાની બેઠકોની સંખ્યા પરની મર્યાદા દૂર કરવા માટે બંધારણના અનુચ્છેદ ૮૧માં સુધારો કરવાનો પણ પ્રસ્તાવ છે. બંધારણની કલમ ૮૧ ની આ જોગવાઈઓને કારણે ૧૯૭૬ થી લોકસભાની બેઠકોની સંખ્યામાં વધારો થયો નથી.

જો વર્તમાન લોકસભાનો આધાર ૧૯૭૧ની વસતીગણતરી હતી, તો પછી લોકસભામાં બેઠકો વધારવાનો પ્રસ્તાવ કયા આધારે કરવામાં આવી રહ્યો છે? આ પ્રશ્નનો જવાબ સીમાંકન બિલમાં રહેલો છે. આ બિલના ઉદ્દેશો જણાવે છે કે સીમાંકન પ્રક્રિયા નવીનતમ પ્રકાશિત વસતીગણતરી પર આધારિત હશે. છેલ્લી વસતી ગણતરી ૨૦૧૧ માં હાથ ધરવામાં આવી હતી. આનો અર્થ એ થયો કે ૨૦૧૧ ની વસતીગણતરી આ બિલનો આધાર હશે. આ મુદ્દે દક્ષિણનાં રાજ્યો લોકસભામાં તેમના પ્રતિનિધિત્વમાં ઘટાડો થવાથી ચિંતિત છે. અત્યાર સુધી દરેક રાજ્યને ફાળવવામાં આવનારી સંસદીય બેઠકોની રાજ્યની વસતીના આધારે નક્કી કરવામાં આવતી હતી.

દાયકાઓથી, ભારતમાં વસતીની અસમાન વૃદ્ધિનો અનુભવ થયો છે, જેમાં દક્ષિણનાં રાજ્યોની વસતી ઘટી રહી છે અને ઉત્તરનાં રાજ્યોની વસતી વધી રહી છે. અભ્યાસો દર્શાવે છે કે જો વર્તમાન પરિસ્થિતિમાં વસતી ગુણોત્તરના સમાન માપદંડો લાગુ કરવામાં આવે તો લોકસભામાં દક્ષિણનાં રાજ્યોનું પ્રતિનિધિત્વ નબળું પડશે. દક્ષિણનાં રાજ્યોને પ્રગતિશીલ માનવામાં આવે છે. તેમણે કુટુંબ નિયોજનની નીતિઓ વધુ સારી રીતે અપનાવી છે અને નાનાં પરિવારોને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો છે. દક્ષિણનાં રાજ્યોને લાગે છે કે વસ્તી વૃદ્ધિને નિયંત્રિત કરવાના તેમના પ્રયાસો તેમને ગેરલાભમાં મૂકશે. દક્ષિણનાં રાજ્યોને ડર છે કે કુટુંબ નિયોજનના સારા કાર્ય માટે પુરસ્કાર મળવાને બદલે તેમને નુકસાન થશે અને જો વસતીના આધારે બેઠકો નક્કી કરવામાં આવશે તો ઉત્તર પ્રદેશ અને બિહાર જેવાં વધુ વસતીવાળાં રાજ્યોમાં દક્ષિણનાં રાજ્યો કરતાં ઘણી બેઠકો વધશે અને ઉત્તરનાં રાજ્યોને લગતા મુદ્દાઓને સંસદમાં પ્રાથમિકતા મળવા લાગશે.

મહિલા સંગઠનો અને મહિલા સાંસદો દાયકાઓથી મહિલાઓ માટે અનામતની માંગણી કરી રહ્યાં છે. હાલમાં લોકસભામાં ૭૮ મહિલા સાંસદો (કુલ બેઠકોના ૧૪ ટકા) અને રાજ્યસભામાં ૪૨ મહિલા સાંસદો (કુલ બેઠકોના ૧૮ ટકા) છે. સેન્ટર ફોર સોશ્યલ રિસર્ચના આંકડા અનુસાર વિશ્વભરમાં સંસદમાં મહિલાઓનું સરેરાશ પ્રતિનિધિત્વ ૨૭.૨ ટકા છે. આનો અર્થ એ થયો કે સંસદમાં ભારતનું પ્રતિનિધિત્વ વિશ્વની સરેરાશ કરતાં નોંધપાત્ર રીતે ઓછું છે.

૨૦૨૩ માં ભારતે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત સુનિશ્ચિત કરતો કાયદો પસાર કર્યો હતો, પરંતુ તે વસતીગણતરી અને ત્યાર બાદના સીમાંકન પછી જ અમલમાં આવવાનો હતો. પ્રસ્તાવિત બંધારણ (૧૩૧ મો સુધારો) બિલ ૨૦૨૬ જણાવે છે કે આ શરત આપણી લોકશાહી વ્યવસ્થામાં મહિલાઓની અસરકારક અને સમર્પિત ભાગીદારીમાં વિલંબ કરશે. તેમાં વધુમાં દરખાસ્ત કરવામાં આવી છે કે બેઠકોના સીમાંકનમાં આ અનામત નવીનતમ પ્રકાશિત વસતી ગણતરીના ડેટા, એટલે કે, ૨૦૧૧ ની વસતી ગણતરીના આધારે લાગુ કરવામાં આવે. મહિલાઓ માટે અનામત બેઠકોનું પરિભ્રમણ દરેક સીમાંકન ચક્ર પછી થશે. આ અનામત ૧૫ વર્ષના સમયગાળા માટે માન્ય રહેશે, જેને સંસદ દ્વારા લંબાવી શકાય છે. જ્યારે મોટા ભાગના પક્ષો આ જોગવાઈના અંતિમ ઉદ્દેશ પર સહમત હોય તેવું લાગે છે, ત્યારે વિપક્ષી નેતાઓએ રાજ્યોની ચૂંટણીઓ વચ્ચે તેની રજૂઆતના સમય પર પ્રશ્ન ઉઠાવ્યો છે.

પશ્ચિમ બંગાળના રાજ્યસભા સાંસદ સાકેત ગોખલેએ લખ્યું કે સરકાર સીમાંકનના તેના વાસ્તવિક એજન્ડાને આગળ વધારવા માટે મહિલાઓનો ઉપયોગ બહાનાં તરીકે કરી રહી છે. તેમણે એ પણ નોંધ્યું કે તેમના પક્ષના ૩૯ ટકા સાંસદો મહિલાઓ છે. જ્યારે આ બિલ ૨૦૨૩ માં પસાર થયું, ત્યારે વિપક્ષી પક્ષોએ અનામતનો તાત્કાલિક અમલ કરવાની માંગણી કરી હતી, પરંતુ અમારી માંગણીઓને અવગણવામાં આવી હતી.

દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં સામાજિક કાર્યકર્તા અંજલિ ભારદ્વાજે પણ કંઈક આવું જ કહ્યું કે જ્યારે આ બિલ ૨૦૨૩ માં પસાર થયું, ત્યારે મહિલા સંગઠનોએ સરકારને પૂછ્યું કે તેના અમલીકરણમાં વિલંબ કેમ થઈ રહ્યો છે અને તેને વસતીગણતરી અને સીમાંકન સાથે કેમ જોડવામાં આવી રહ્યો છે? પરંતુ તે કાયદામાં એવી જોગવાઈ હતી કે વસતી ગણતરી અથવા સીમાંકન વિના કોઈ મહિલા અનામત નહીં હોય. સરકારે યુ-ટર્ન લીધો છે અને હવે તે કહી રહી છે કે તે મહિલા અનામતને વસતી ગણતરી અને સીમાંકનથી અલગ કરવા માંગે છે. સરકાર ભલે ગમે તે કહે, તેણે મહિલા અનામતના કાયદાનો રાજકીય લાભ ઉઠાવી લીધો છે, પણ આ કાયદાનો અમલ ૨૦૨૯ પહેલાં ન થાય તેની ખાતરી પણ કરી છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**અભ્યાસો દર્શાવે છે કે જો વર્તમાન પરિસ્થિતિમાં વસતી ગુણોત્તરના સમાન માપદંડો લાગુ કરવામાં આવશે તો લોકસભામાં દક્ષિણનાં રાજ્યોનું પ્રતિનિધિત્વ નબળું પડશે**

## BUSINESS મિત્ર

સેન્સેક્સ અને નિફ્ટીમાં 0.65%નો ઉછાળો, મિડકેપ-સ્મોલકેપમાં તોફાની ખરીદી

# મિડલ ઇસ્ટમાં તણાવ ઘટતા રોકાણકારોની 4.79 લાખ કરોડની કમાણી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 17:** મીડલ ઈસ્ટના તણાવ ધીમો પડતા આજે સપ્તાહના છેલ્લા દિવસે બ્રોડર માર્કેટમાં રોકાણકારોએ ધૂમ મચાવી હતી અને મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ધૂમ ખરીદીએ શેરબજારમાં તેજી જોવા મળી હતી અને રોકાણકારોએ રૂ. 4.79 લાખ કરોડની કમાણી કરી હતી.

ગઈકાલે અમેરિકાના બજારોએ યુદ્ધ ટુંકમાં પતી જશે તેવા ટ્રમ્પના નિવેદનથી જોરદાર તેજી જોવા મળી હતી અને વિક્રમી સપાટીએ પહોંચ્યા હતા. એટલું જ નહીં, ઈરાન-યુએસ યુદ્ધ વિરામ લંબાવવાની સાથે કાયમી યુદ્ધ વિરામના આશાવાદ વચ્ચે બ્રેન્ટ ક્રુડ 3.31 ટકા ઘટીને 96 ડોલર પ્રતિ બેરલ પહોંચી ગયો હતો. આમ, શેરબજારમાં આઈટી શેરોને બાદ કરતા ચારેકોર હરિયાળી જોવા મળી હતી. એનએસઈ વીઆઈએક્સ પણ 4.86 ટકા ઘટીને 17.21 થઈ જતાં આવનારા દિવસોમાં અનિશ્ચિતતા ઘટશે તેવું લાગી રહ્યું છે.

જોકે, ઈરાનની શરત મુજબ લેબનોન પર હુમલા અટકે તો જ વાટાઘાટો શક્ય બને તેમ હતી. જેમાં ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે 10 દિવસના યુદ્ધ વિરામ પર બંને દેશો રાજી થતાં આ વાટાઘાટો થવાની સંભાવના વધી ગઈ છે અને પરિણામલક્ષી બને તેવી શક્યતાએ બજારમાં તેજીનો દોર જોવા મળ્યો હતો. એટલું જ નહીં, ઈરાન પરમાણુ હથિયાર નહીં રાખવા માટે સમંત થઈ ગયું છે. બીજી તરફ, ફ્રાન્સ અને યુકે હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલાવવા માટે સમર્થન મેળવવાના પ્રયાસો કરી રહ્યું છે.

બીએસઈ સેન્સેક્સમાં 504.86 પોઈન્ટ એટલે કે 0.65 ટકા વધીને 78493.54 પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78553 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77726 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી156.80 પોઈન્ટ એટલે કે 0.65 ટકા વધીને 24350 પોઈન્ટની સપાટી કુદાવીને 24353.55 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24371 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24096 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 479.30 પોઈન્ટ એટલે કે 0.85 ટકા વધીને 56565.70 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે જીએસપીએલમાં 20.47 ગણા, નાવા લિ.માં 8.98 ગણા, ગુજરાત ગેસમાં 6.36 ગણા, હનીવેલ ઓટોમેશનમાં 5.6 ગણા અને ઈરકોન ઈન્ટરનેશનલમાં 5.25 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે નાવા લિ.માં 35.56ગ ણા, એમએમટીસીમાં 26.3 ગણા, જીએસપીએલમાં 2.015 ગણા, શીપીંગ કોર્પોરેશનમાં 9.54 ગણા અને ઈરકોન ઈન્ટરનેશનલમાં 7.62 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ સુધારો આગળ વધ્યો હતો, જે લાર્જકેપની સરખામણીએ સુંદર પ્રદર્શન કરતા જોવા મળ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.56 ટકા વધ્યો હતો, જ્યારે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 1.52 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યું હતું. બીએસઈ ખાતે 3044 શેરો વધ્યા હતા, જ્યારે 1283 શેરો ઘટયા હતા અને 166 શેરો યથાવત રહ્યા હતા.

સપ્તાહના અંતિમ દિવસે એફએમસીજી શેરોમાં સુધારો જોવાયો હતો. નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ 2.66 ટકા વધ્યો હતો. જેમાં કોલગેટ-પામોલીવ, ઈમામી, રેડીકો ખેતાન, એચયુએલ, યુનાઈટેડ સ્પીરીટ, ડાબુર ઈન્ડિયા, વરૂણ બેવરેજીસ, બ્રિટાનિયા, ગોદરેજ કન્ઝયુમર, અને યુનાઈટેડ બ્રેવરેજીસનો સમાવેશ થાય છે. બજાજ કન્ઝયુમરમાં 10.65 ટકાનો જોરદાર ઉછાળો આવ્યો હતો.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. એશિયન બજારો ઉપલા સ્તરેથી નફાવસુલીએ ઘટાડા સાથે બંધ રહ્યા હતા. કારણ કે અમેરિકા-ઈરાન યુદ્ધના સેન્ટિમેન્ટમાં રોકાણકારો સાવચેતીનું વલણ અપનાવી રહ્યા છે. ટ્રમ્પે આ યુદ્ધ ટુંકમાં પુરૂં થઈ જશે, તેવી વાત કરી હતી, બીજી તરફ, બીજી વખતની વાટાઘાટો માટે હજુય સુધી મધ્યસ્થી પાકિસ્તાનને ઈરાન સમય આપી રહી નથી, જેથી હજુય વાટાઘાટો શરૂ થઈ રહી નથી, જેથી રોકાણકારો સાવચેત થઈ ગયા છે. આ દરમ્યાન ટ્રમ્પે કહ્યું કે, ઈઝરાયેલ અને લેબનોન 10 દિવસના યુદ્ધવિરામ માટે સંમત થયા છે. કેમકે ઈઝરાયેલ લેબનોન પર હુમલા બંધ કરે તે ઈરાનની શરત છે.

### રૂપિયો વધુ સુધર્યો, 93ની નીચે

અમેરિકા-ઇરાન યુદ્ધ વિરામ અને ટ્રમ્પના ટુંકમાં યુદ્ધ પુરૂં થઇ જવાના અહેવાલની પાછળ રૂપિયામાં સુધારો આગળ વધતો જોવા મળ્યો છે. આજે કરન્સી બજારમાં રૂપિયો 93ની નીચે સરકી ગયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 29 પૈસા ઉછળીને 92.92ના સ્તરે પહોંચ્યો હતો. જે ઇન્ટ્રાડેમાં 92.65 સુધી મજબૂત થયો હતો, પરંતુ છેલ્લે 92.92ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.21ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.31, પાઉન્ડ 125.56, કેનેડિયન ડોલર 67.82, ઓસ્ટ્રેલિયન ડોલર 66.90, જાપાનીઝ યેન 0.5839 અને સીંગાપોર ડોલર 73.16ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 92.92 રૂ. |
| યુરો | 109.31 રૂ. |
| પાઉન્ડ | 125.56 રૂ. |
| યેન | 0.5839 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 504.86 | 78493.54 |
| નિફ્ટી | 156.80 | 24353.55 |
| બેન્કનિફ્ટી | 479.30 | 56565.70 |

**નિફ્ટી – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 4.75 | 2240.80 |
| નેસલે ઇન્ડિયા | 2.24 | 1285.60 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.09 | 1240.30 |
| અપોલો હોસ્પિટલ | 1.93 | 7699.00 |
| પાવરગ્રીડ | 1.87 | 318.10 |

**નિફ્ટી – ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| વિપ્રો | 2.83 | 204.32 |
| એચડીએફસી લાઇફ | 2.38 | 616.45 |
| સન ફાર્મા | 1.04 | 1675.50 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.69 | 3200.20 |
| લાર્સન-ટુબ્રો | 0.58 | 4096.10 |

**સેન્સેક્સ – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 4.75 | 2241.10 |
| પાવરગ્રીડ | 1.86 | 318.05 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.61 | 1365.10 |
| બીઇએલ | 1.56 | 462.70 |
| ટેક મહિન્દ્રા | 1.41 | 1511.85 |

**સેન્સેક્સ – ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 1.06 | 1675.20 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.68 | 3199.35 |
| એચસીએલ ટેક્નો | 0.57 | 1442.50 |
| લાર્સન-ટુબ્રો | 0.54 | 4094.95 |
| ઇટર્નલ | 0.06 | 252.60 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૫૪૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૬૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૬૦ | તલતેલ | ૪૮૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૭૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૮૧૫૦ |
| તેજાબી સોનું | ૧૫૮૦૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૦૨૫૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૯૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૮૧૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૬૩૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૫૦૦૦ |

# સોના-ચાંદીની આયાત માટે ૧૫ બેન્કોને મંજૂરી

**નવી સિસ્ટમ** અમલી: આગામી ૩ વર્ષ સુધી જ્વેલર્સને નહીં નડે માલની અછત

નવી દિલ્હી, તા. 17: અક્ષય તૃતીયાંશ પુર્વે ભારત સરકારે દેશમાં 15 બેન્કોને સોના-ચાંદીની આયાત કરવાના લાયસન્સ ઈસ્યુ કરી દીધા છે. સરકારે સોના અને ચાંદીની આયાત કરવાની મંજુરી ધરાવતી બધી બેન્કોની યાદી બહાર પાડી છે. જેમાં બે બેન્કોને માત્ર સોનાની આયાત કરવાની મંજુરી છે. જેઓ 1લી એપ્રિલ, 2026થી 31 માર્ચ, 2029 સુધી સોના-ચાંદીની આયાત કરી શકશે.

વાણિજ્ય મંત્રાલય હેઠળના ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડે સોના અને ચાંદીની આયાત કરવાની મંજૂરી ધરાવતી બેંકોની યાદીને અપડેટ કરતી એક નવી જાહેર સૂચના જારી કરી છે. આ નવી સિસ્ટમ 1 એપ્રિલ, 2026થી અમલમાં આવશે અને 31 માર્ચ, 2029 સુધી માન્ય રહેશે. આનો અર્થ એ થયો કે આ બેંકોને 31 માર્ચ,2029 સુધી સોના અને ચાંદીની આયાત કરવાની પરવાનગી આપવામાં આવશે.

ભારત સરકારે જે 15 બેન્કોને સોના-ચાંદીની આયાત કરવાની મંજુરી આપી છે, જેમાં એકસીસ બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, એચડીએફસી બેન્ક, સ્ટેટ બેન્ક, પંજાબ નેશનલ બેન્ક, બેન્ક ઓફ ઈન્ડિયા, યસ બેન્ક, ઈન્ડસઈન્ડ બેન્ક, ડોઈશ બેન્ક, ફેડરલ બેન્ક, ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, કરૂર વૈશ્ય બેન્ક, ઈન્ડસ્ટ્રીયલ એન્ડ કોર્મશીયલ બેન્ક ઓફ ચાઈના લિ. આરબીએલ બેન્કનો સમાવેશ થાય છે. જ્યારે યુનિયન બેન્ક અને એસબીઈઆર બેન્કને ફક્ત સોનાની આયાતની મંજુરી આપવામાં આવી છે.

જેમાં વિદેશી બેન્કમાં ઈન્ડસ્ટ્રીયલ એન્ડ કોર્મશીયલ બેન્ક ઓફ ચાઈના અને ડયુશ બેન્કનો સમાવેશ થાય છે, જ્યારે રશિયાની એસબીઈઆર બેન્કને માત્ર સોનાની આયાતને પરવાનગી આપવામાં આવી છે.

આમ, આ તમામ બેન્કો મારફતે જવેલર્સ સોના-ચાંદીની આયાત કરી શકશે. જેથી જવેલર્સને માલની અછતની સમસ્યા નડશે નહીં.

સરકાર સમયાંતરે સોના અને ચાંદીની આયાતને નિયંત્રિત કરવા માટે અધિકૃત બેંકોની યાદી અપડેટ કરે છે. આ નિર્ણયથી આયાત માટે સ્પષ્ટ ચેનલો સ્થાપિત કરીને ઘરેણાં ઉદ્યોગ અને બુલિયન બજારને ફાયદો થાય છે.

# AI રેસમાં ઓપનએઆઈનો મોટો દાવ

**સેરેબ્રાસ** સિસ્ટમ્સ સાથે રૂ. 1.6 લાખ કરોડનો જંગી સોદો

નવી દિલ્હી, તા 17: ઓપનએઆઈ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ રેસમાં આગળ વધવા માટે એક મોટી દાવ લગાવી રહ્યું છે. અહેવાલો અનુસાર, કંપનીઆગામી ત્રણ વર્ષમાં સેરેબ્રાસ સિસ્ટમ્સનાચિપ્સ અને સર્વર્સ પર 20 બિલિયન ડોલર એટલે કે લગભગ 1.6 લાખ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવાની યોજના ધરાવે છે આ સોદો ફક્ત કમ્પ્યુટિંગ પાવર ખરીદવા પૂરતો મર્યાદિત નથી; તે ઓપનએઆઈને સેરેબ્રાસમાં ઈક્વિટી હિસ્સો પણ હસ્તગત કરી શકે છે. અહેવાલ મુજબ, કંપનીને વોરંટ પ્રાપ્ત થશે, જે ભવિષ્યમાં તેનો હિસ્સો લગભગ 10 ટકા સુધી વધારી શકે છે. જાન્યુઆરીની શરૂઆતમાં, ઓપનએઆઈએ સેરેબ્રાસ પાસેથી 750 મેગાવોટ કમ્પ્યુટિંગ ક્ષમતા ખરીદવા માટે એક સોદો કર્યો હતો, જેની કિંમત 10 બિલિયન ડોલરથી વધુ હતી. આ નવો સોદો લગભગ બમણો મોટો હોવાનું કહેવાય છે.

આ રોકાણનો મુખ્ય હેતુ એઆઈ સીસ્ટમ્સની વધતી જતી કમ્પ્યુટિંગ જરૂરિયાતોને પૂર્ણ કરવાનો છે, આ સોદા હેઠળ, ઓપનએઆઈ વધારાના 1 બિલિયન ડોલરનું રોકાણ પણ કરી શકે છે, જેનો ઉપયોગ સેરેબ્રાસના ડેટા સેન્ટરો વિકસાવવા માટે કરવામાં આવશે.

2015માં સ્થપાયેલ સેરેબ્રાસ સિસ્ટમ્સતેની અદ્યતન વેફર-સ્કેલ એન્જિન ચિપ્સ માટે જાણીતી છે અને એનવિડીયાજેવી મોટી કંપનીઓને પડકાર આપે છે. આ ભાગીદારીને સેરેબ્રાસની આઈપીઓ યોજનાઓ માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. કંપની આ વર્ષના બીજા ક્વાર્ટરમાં સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થવાની તૈયારી કરી રહી છે અને લગભગ 35 બિલિયન ડોલરના મૂલ્યાંકન પર 3 બિલિયન ડોલર એકત્ર કરવાની યોજના ધરાવે છે.